અભ્યાસ માટે ઈન્ટરવ્યૂ લેનાર **(ઈંગ્લેન્ડ)**: IQVIA **0800 085 6807**
અભ્યાસ માટે ઈન્ટરવ્યૂ લેનાર **(વેલ્સ)**: IQVIA **0800 917 9323**
અભ્યાસ માટે ઈન્ટરવ્યૂ લેનાર **(નોર્ધન આયરલેન્ડ)**: IQVIA **0800 917 5825**
અભ્યાસ માટે ઈન્ટરવ્યૂ લેનાર **(સ્કોટલેન્ડ)**: IQVIA **0800 917 5824**

# કોવિડ-19 ઈન્ફેક્શન વિશેનો સર્વે

ભૂતકાળમાં અને વર્તમાનમાં કોવિડ-19 ઈન્ફેક્શનો વિશેના રાષ્ટ્રવ્યાપી મોટામાં મોટા સર્વેમાં ભાગ લો. **તમારો ટેકો અમને આ મહામારીનો સામનો કરવાના માર્ગદર્શનમાં અમારી મદદ કરશે, જેથી આપણે સહુ સામાન્ય જીવન ફરી પાછું શરૂ કરી શકીએ.**

## આ સર્વે શેના વિશે છે?

- આ સર્વેનો હેતુ કેટલાં લોકોને કોવિડ-19 છે, ચિહ્નો સાથે કે ચિહ્નો વગર, તે જાણવાનો છે.
- જેમ વધુને વધુ લોકોને કોવિડ-19 સામેની રસી મળવાનું શરૂ થાય તેમ આ ખાસ કરીને વધારે અગત્યનું છે. આમ તો આ રસી ઘણી સારી રીતે કામ કરતી હોવા છતાં, તે લેવાથી લોકોને તે વાઈરસ ફરીથી લાગતો અટકાવી શકાતો નથી અને તેવી જ રીતે ભૂતકાળમાં કોવિડ-19 થયો હોય તેમને પણ ફરીથી વાઈરસ લાગતો અટકાવી શકાતો નથી. વાસ્તવિક દુનિયામાં આ રસીઓ કેટલું સારું કામ આપે છે અને જે લોકોને પહેલાં કોવિડ-19 થઈ ચૂક્યો હોય અને તેઓ રસી લે તો તે બંને પરિબળો ભેગાં થવાને કારણે વાઈરસનો ફેલાવો કેટલો અટકે છે તેના પર પણ અમારે નજર રાખવી જરૂરી છે.
- આ સર્વેનો હેતુ એ જાણવાનો પણ છે કે આ પહેલાં કેટલાં લોકોને કોવિડ-19 થઈ ચૂક્યો છે. આ તેમના લોહીમાં ઍન્ટીબોડીઝનાં પ્રમાણ માપીને કરવામાં આવે છે.
- એપ્રિલ 2020થી, ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ અને યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ યુ.કે. સરકાર વતી એક સર્વે કરી રહ્યાં છે.

**અભ્યાસનો સંક્ષેપ્ત**
કોવિડ-19 ઈન્ફેક્શન વિશેનો સ | આવૃત્તિ 7.0 તારીખ: 1 ફેબ્રુઆરી 2021
એથિક્સ રેફરન્સ: 20/SC/0195 | IRAS પ્રોજેક્ટ: 283248
મુખ્ય તપાસ અધિકારી: પ્રોફેસર ઍન સેરાહ વૉકર

## મને શા માટે ભાગ લેવાનું કહેવામાં આવ્યું છે?

- કોરોનાવાઈરસ સામેની સતત ચાલુ લડતમાં મદદ કરવા માટે, કોવિડ-19 ઈન્ફેક્શન વિશેના સર્વેમાં પહેલેથી ભાગ લઈ રહેલાં હજારો લોકો સાથે જોડાવા માટે અમને તમારા જેવાં બીજાં હજારો લોકોની જરૂર છે.

- અમે માત્ર એ લોકોનો જ ટેસ્ટ નથી કરી રહ્યાં જેમને તાવ, ઉધરસ જેવા વાઈરસનાં ચિહ્નો હોય, કારણ કે અમને ખબર છે કે ક્યારેક લોકોને કોઈ ચિહ્નો વગર પણ વાઈરસનો ચેપ લાગી શકે છે.

- આ અભ્યાસમાં ભાગ લેવાની પસંદગી પૂરેપૂરી તમારી છે. તમે અમને જે કંઈ પણ માહિતી આપશો તે બધી કાયદા દ્વારા સુરક્ષિત રહેશે અને તેને ગુપ્ત રાખવામાં આવશે.

- સર્વેમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ તેઓ જ્યારે લાયક બનશે ત્યારે કોવિડ-19ની રસી મેળવી શકશે – અને જેમને કોવિડ-19ની રસી મળી ચૂકી હોય તેઓ પણ આ સર્વેમાં ભાગ લઈ શકે છે.

## આ સર્વેમાં શું કરવાનું હોય છે?

- **સૌથી પહેલાં તમારે આમાં ભાગ લેવા માટે નામ નોંધાવવાનું રહેશે (કૃપા કરીને પાછળ જુઓ),** તે પછી અપોઈન્ટમેન્ટ કરવા માટે તમારો સંપર્ક કરવામાં આવશે.

- આ અપોઈન્ટમેન્ટમાં, સર્વે ટીમના એક સભ્ય તમારા ઘરે આવશે. તેઓ ભાગ લેવા ઈચ્છતી 2 વર્ષથી વધુ ઉંમરની દરેક વ્યક્તિ વિશે કેટલાક પ્રશ્નો પૂછશે.

- તેઓ 12 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં લોકોને ગળા અને નાકમાંથી સ્વૉબ કેવી રીતે લેવો તે બતાવશે જેની વાઈરસ માટે ચકાસણી કરવામાં આવશે. આ સ્વૉબ લાંબી લાકડી પર લગાવેલું પોચું સ્પોન્જ હોય છે અને તેમાં દુખાવો થતો નથી. 12 વર્ષથી નાની ઉંમરનાંને તેમનાં માતાપિતા કે કેરરો મદદ કરી શકે છે.

- અમે 16 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં લોકોનું થોડુંક લોહી પણ લઈશું. તમારે આ માટે મંજૂરી આપવી જરૂરી નથી. સર્વે ટીમના તાલીમ મેળવેલા, PPE પહેરેલા સભ્ય સીધા જ નસમાંથી લોહી લેશે, અથવા તો વ્યક્તિ પોતે જ આંગળીના ટેરવા પરથી જાતે લોહી લઈ શકે છે. સર્વે ટીમના સભ્યએ જો નસમાંથી લોહી લેવાની જરૂર નહિ હોય, તો તેઓ તમારા ઘરમાં પ્રવેશ કરશે નહિ.

### તમે આના માટે મંજૂર થઈ શકો:

**A** માત્ર પહેલીવારની મુલાકાત માટે

**B** પહેલીવારની મુલાકાત અને એક મહિના માટે દર અઠવાડિયે એક મુલાકાત (કુલ 5 મુલાકાતો)

**C** પહેલીવારની મુલાકાત, એક મહિના માટે દર અઠવાડિયે એક મુલાકાત, અને તે પછી એપ્રિલ 2022 સુધી દર મહિને એક મુલાકાત (તમે ક્યારથી સર્વેમાં જોડાયાં છો તેના આધારે, ઓછામાં ઓછી કુલ 16 મુલાકાતો)

## મારે શા માટે ભાગ લેવો જોઈએ?

- કોરોનાવાઈરસે આપણને સહુને અસર કરવાનું ચાલુ રાખ્યું છે. સાથે મળીને આપણે આ મહામારીનો સામનો કરવામાં મદદ કરતી અગત્યની માહિતિ પૂરી પાડી શકીએ છીએ, જેથી આપણે સહુ સામાન્ય જીવન ફરી પાછું શરૂ કરી શકીએ.
- તમારા વસ્તિારમાં ઈન્ફેક્શનોનું એક ઝડપી અને ભરોસાપાત્ર ચત્રિણ મેળવવાથી સ્થાનકિ રીતે આપવામાં આવતા પ્રતસિાદો સુયોગ્ય અને અસરકારક હોવાની ખાતરી કરવામાં મદદ મળશે.
- 2021 અને 2022 ના વર્ષ દરમ્યાન, હજારો ઘરોનાં લોકો આ સર્વેમાં ભાગ લેશે. જેથી સમય જતાં વાઈરસનું શું થાય છે તે અમે જોઈ શકીએ, ખાસ કરીને જેમ વધુને વધુ લોકોને રસી આપવામાં આવી રહી છે ત્યારે.
- તેનાં પરણિામોની વહેંચણી ચાલુ થઈ ગઈ છે જેથી અમને શું જાણવા મળી રહ્યું છે તેની દરેક જણને ખબર રહે **(www.ndm.ox.ac.uk/covid-19/covid-19-infection-survey/results).** આમાંથી કોઈ પણ માહિતિથી તમારી કે તમારા કુટુંબીજનોની ઓળખ થતી નથી.

## આમાં કેવી રીતે સંકળાવું:

**આમાં ભાગ લેવા માટે તમારે બને તેટલું જલદી તમારું નામ નોંધાવવું પડશે:**

1. રજસ્ટ્રિેશન ટીમને આ નંબરો પર ફોન કરો **0800 085 6807 (ઈંગ્લેન્ડ), 0800 917 9323 (વેલ્સ), 0800 917 5825 (નોર્ધન આયરલેન્ડ), 0800 917 5824 (સ્કોટલેન્ડ).** જો તમે ટેલીફોન ન વાપરી શકતાં હો, દાખલા તરીકે સાંભળવાની કે બોલવાની નબળાઈને કારણે, તો તમે અહીં ઈમેઈલ કરી શકો છો **iqvia.covid19survey@nhs.net.**
2. એક વાર નામ નોંધાવી દીધા પછી, જ્યારે સર્વે ટીમના સભ્ય તમને મળવા આવવાના હશે તેના આગલા દવિસે તમારો સંપર્ક કરશે. જો તે સમય તમને અનુકૂળ ન હોય તો તમે તે બદલી શકો છો. તમે નામ નોંધાવશો તે પછીના એક અઠવાડયિામાં અમે તમારો સંપર્ક કરવા પ્રયત્ન કરીશું.
3. અપોઈન્ટમેન્ટના દવિસે, સર્વે ટીમના એક સભ્ય તમારા ઘરે મુલાકાત પૂર્ણ કરવા માટે આવશે. નસમાંથી લોહી લેનારા ટીમના સભ્યો તે કામ માટેની લાયકાત મેળવેલા હશે. કૃપા કરીને સર્વે કરનારી ટીમના સભ્યોને તમારા ઘરની અંદર બોલાવશો નહિ, સવિાય કે તેઓ લોહી લેવા માટે આવતાં હોય.
4. કદરદાની રૂપે, **સર્વે પૂરો કરનાર દરેક જણને £50 વાઉચર આપવામાં આવશે.**

## ભાગ લેવા માટે મને શું મળશે?

- સર્વેમાં ભાગ લેનાર દરેક વ્યક્તનિે તેમના ઘરની પૂરી કરવામાં આવતી પહેલી મુલાકાત માટે £50નું વાઉચર મળશે.
- તે પછીની દરેક વધારાની મુલાકાત પૂરી કરવા બદલ તેમને £25નું વાઉચર મળશે.

આ પૂરી કરવામાં આવેલી મુલાકાતો માટે જ હશે; દાખલા તરીકે જો સર્વે અટકાવી દેવામાં આવશે, તો નહિ લેવામાં આવેલી મુલાકાતો માટે તમને કોઈ વળતર મળશે નહિ.

## મારી વિગતોનું શુ થશે?

- તમે અમને જે કંઈ પણ માહિતી આપશો તે બધી કાયદા દ્વારા સુરક્ષિત રહે છે અને તેને ગુપ્ત રાખવામાં આવે છે.
- તમામ નમૂના ઓફિસ ફોર નેશનલ સ્ટેટસ્ટિક્સિ અને યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ વતી લેવામાં આવી રહ્યાં છે.
- આ નમૂનાઓની બધી જ ચકાસણી યૂનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ અને નેશનલ લાઈટહાઉસ લેબોરેટરીઝ દ્વારા કરવામાં આવી રહી છે.
- તમે પૂરા કરેલા બધા ટેસ્ટનાં પરિણામો તમને જણાવવામાં આવશે.
- આ સર્વે ચલાવવામાં સંકળાયેલી કંપનીઓ આ સર્વેના હેતુસર જ તમારી માહિતીનો ઉપયોગ કરશે **- વધારે વિગતો માટે કૃપા કરીને ભાગ લેનારાંઓની માહિતી જુઓ.**

## વધુ માહિતી અને ઉપયોગી વેબસાઈટો:

આ સંક્ષેપ્ત સારનાં તેમજ સર્વેની બીજી માહિતીનાં કેટલાંક ભાષાંતરો અહીંથી ઉપલબ્ધ છે **https://www.ons.gov.uk/surveys/informationforhouseholdsandindividuals/householdandindividualsurveys/covid19infectionsurveycis/furtherhelp#study-materials-in-other-languages**

વધારે જાણકારી મેળવવા માટે આ પત્રિકાની સાથે આવેલી ભાગ લેનારાંઓની વિગતવાર માહિતી આપતી પત્રિકા જુઓ, અથવા અહીં મુલાકાત લો **www.ons.gov.uk/cis** અથવા **www.gov.wales/covidinfectionsurvey**

**આ પત્રિકામાં ઉઠાવવામાં આવેલ કોઈ પણ મુદ્દાની તમને અસર થઈ હોય અથવા કોવિડ-19 વિશે માહિતી શોધી રહ્યાં હો, તો કૃપા કરીને જુઓ:**

- કોરોનાવાઈરસની સમજૂતી: **coronavirusexplained.ukri.org/en/**
- સરકારની માર્ગદર્શિકાઓ: **www.gov.uk/coronavirus (ઈંગ્લેન્ડ), www.gov.wales/coronavirus (વેલ્સ), https://www.nidirect.gov.uk/campaigns/coronavirus-covid-19 (નોર્ધન આયરલેન્ડ), https://www.gov.scot/collections/coronavirus-covid-19-guidance/ (સ્કોટલેન્ડ)**
- NHS સલાહ: **https://www.nhs.uk/conditions/coronavirus-covid-19/ (ઈંગ્લેન્ડ), www.gov.wales/coronavirus (વેલ્સ), https://www.nidirect.gov.uk/articles/coronavirus-covid-19-overview-and-advice (નોર્ધન આયરલેન્ડ), https://www.nhsinform.scot/illnesses-and-conditions/infections-and-poisoning/coronavirus-covid-19 (સ્કોટલેન્ડ)**
- Samaritans - દરેક જણ માટે લાગણીશીલ ટેકો: **www.samaritans.org**
- Mind - માનસિક આરોગ્યની તકલીફ ધરાવનાર કોઈ પણ વ્યક્તિ માટે સલાહ અને ટેકો: **www.mind.org.uk**